1. દિલ્લી સલ્તનત નો ઈતિહાસ જાણવાના સાધનો સ્પષ્ટ કરો.

- મધ્યયુગીન ભારતના ઈપિયાસનો અભ્યાસ કરવા માટે ઈતિહાસ કારોએ તેને ત્રણ ભાગ માં વહેચ્યો છે : (1) સલ્તનત કાળ (ઈ. સ. 1206 થી 1526), (2) મુઘલ કાળ (1526 થી 1707) અને () મરાઠા કાળ (ઈ. સ. 1646 થી 1818). મધ્યયુગીન ભારતનો ઈતિહાસ શાયરવા માટે જરૂરી ઐતિહાસિક સામગ્રી પૂરતા પ્રમાણમાં મળી રહે છે. આ સામગ્રીને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. 1. પુરાતત્વીય સાધનસામગ્રી, 2. સાહિત્યિક સાધનસામગ્રી અને છે, વિદેશી પ્રવાસીઓ અને તેમની પ્રવાસનોંધો.
- 1. પુરાતત્વિય સાધનસામગ્રી : પુરાતત્વ વિધા એ વૈજ્ઞાનિક તથ્યો અને પુરાવાઓ પર આધાર રાખતું વિશ્વસનીય શાય છે. તેની મીત્તાનો દરેક વિદ્યાનો સ્વીકાર કરે છે. પુરાતત્વશાષત્ર મધ્યયુગીનું ભારતના ઈતિશ્રર્સના સંખ્યામાં માટે અત્યંત ઉપયોગી છે, તે વિપુલ પ્રમાકામાં સાધનસામગ્રી પૂરી પાડે છે. તેમાં ઉત્પનન (ખોદકામ) દ્વારા મળેલી સામગ્રી, અભિલેખ, વિવિધ મુદ્રાઓ અને સિક્કાઓ, ભવનોના ખંડેરો, સ્મારકો વગેરેનો સમાવેશ થાય છે. પુરાતત્ત્વશાસ્ત્ર દ્વારા મળેલી માહિતીનો ઈતિહાસના પ્રથમ કક્ષાના અને આધારભૂત સાધન તરીકે ઉપયોગ કરી મધ્યયુગીન ઈતિહાસની અઢળક માહિતી એકઠી કરવામાં આવી છે.
- 2. સાહિત્યિક સાધનસામગ્રી : ભારત પર આક્રમણ કરનાર તુર્ક વિજેતાઓ પોતાની સાથે ઈતિહાસ -લેખનકલાથી પરિચિત વિદ્વાનો લાવ્યા હતા. આ લેખકોનાં લખાણોમાં તત્કાલીન રાજ્ય, સમાજ, ધર્મ, અર્થ અને જનજીવનને લગતી વિસ્તૃત છણાવટ જોવા મળે છે. જે ઈતિહાસના અભ્યાસ માટે અત્યંત ઉપયોગી અને આધારભૂત સલ્તનતકાલીન સાહિત્યિક સામગ્રી : સલ્તનતયુગનો આરંભથી અંત સુધીનો ઈતિહાસ અનેક લેખકો દ્વારા વિસ્તારપૂર્વક લખાયા છે.આ લેખકોને સુલતાન દ્વારા રાજ્યાશ્રય મળતો હોવાથી તેમની લખાણોમાં જે-તે સુલતાનો પ્રત્યેનો પક્ષપાત જોવા મળે છે. આ છતાં; તે ઉપયોગી અને ઉપકારક છે. અમિર ખુશરો ની કૃતિઓમાં કૈકુબાદ, જલાલુદીન ખલજી, અલાઉદીન ખલજી , કુતુબુદીન મુબારક શાહ અને ગ્યાસુદિનની માહિતી પ્રાપ્ત થાય છે. અમીર ખુશરો સૂફી સંત નિઝામુદીન ઓલિયાનો શિષ્ય હતો. તેની કૃતિઓ માં કુરાન ઉસ સાહિન'થી તુઘલકનામા સહીતની પાંચ કૃતિઓનો સમાવેશ થાય છે. તેમાં 'ખઝાઇનુલ કુતૂહ'માં અલાઉદીનના રાજશાસનની વિગતો છે. ખમીર ખુશરોએ ખલજીવંશની ઉપયોગી માહિતી આપી છે. શમ્સહરીફની કૃતિ 'તબકાતે-નાસિરી'માં પણ આ સુલતાનોની અગત્યની માહિતી મળે છે.
- મહેમુદ ગઝનવીનાં ભારત પરના ઓ કે મણ દરમિયાન મુસ્લિમ ઈતિહાસ કારે એલ્યુરિયન મલબેગ્નેની તેની સાથે આવ્યો હતો. તેણે પોતાના ગ્રંથ 'તાકીક-એ-હિંદ'માં મહમૂદ ગઝનવીનાં આક્રમણો લશકરી તાકાત, યુદ્ધો, વિજયાં ઉપરાંત ભારતની માહિતી આપેલ છે. આ માહિતી આધારભૂત, વિશ્વસનીય અને તટસ્ય ગણાય છે. મોહમ્મદ કાસીમ ફિરિતાએ 'વારીખ એ હિરિશ્તા'માં બહુ મની સુલતાનો તેમજ ધોર(અફઘાનિસ્તાન)ના રાજયવંશ અને મોહમ્મદ ઘોરીની માહિતી આપી છે. પ્રખ્યાત લેખ ક ઝિયાઉદીન બરનીના 'ત્વારીખ - એ-ફિરોઝશાહીમાં તુઘલકવંશની માહિતી છે. યાહયાંબિન અહમદ સરહિંદીની ફારસીમાં રચાયેલી કૃતિ તારીખ-એ-મુબારકશાહી'માંથી લોદી વંશની માહિતી મળે છે. તેમાં મોહમ્મદ ઘોરીથી સૈયદ મુબારકશાહ (ઈ. સ. 144) સુધીનો ઈતિહાસ વર્ણવેલો છે.
- મુશતકી નામના લેખકે પાક્ષિપતના પ્રથમ યુદ્ધ (ઈ. સ. 1526) સુધીની માહિતી આપી વિદેશી પ્રવાસીઓ અને તેમની પ્રવાસનોંધો : મધ્યયુગીન ભારતમાં નાવેલા વિદેશી પ્રવાસીઓની પ્રવાસનોંધો અત્યંત આધારભૂત અને

મહત્ત્વપૂર્ણ ગણાય છે. બારમી અને તેરમી સદીમાં ભારતમાં આવેલા ચીની વેપારી અને પ્રવાસી ચાઉ-જ- કુમાએ તેમના ગ્રંથ 'યુમા- ફાન ચર'માં દક્ષિણ ભારત અને ચીન વચ્ચેનો વેપાર અને આરબોની ભૂમિકાની માહિતી આપી છે. સીનસ (ઈટાલી)ના પ્રવાસી માકપોલોએ (ઈ. સ. 1292 - 9) દક્ષિણ ભારતના પ્રવાસનું પુસ્તક લખ્યું છે.

- અલમસૂછી નામના મારબે પોતાના પુસ્તક 'મુક્કાજલ - જહાબ'માં તથા મદ તુઘલકના સમયમાં દિલ્લીના કાઝી તરીકે સેવા આપનાર આરબ પ્રવાસી ઈનબતુતાએ તત્કાલીન સમયની માહિતી નોંપી છે. ઇટાલીના પ્રવાસી નિકોલા ડી. કોન્ટી (ઈ. સ. 1420 -- 21) અને ઈરાની પ્રવાસી અબદર રઝાકે ઈરાનના શાણના રાજદૂત તરીકે ઇ. સ. 144) વિજયનગરના રાજ્યની મુલાકાત લઈને તતકાલીન સમયની માહિતી આપી છે. રશિયાનો એક પ્રવાસી અથનેસિપસ નિમિતિન આ સમયમાં દક્ષિણ ભારતમાં આવ્યો હતો. બારબોસા, મિરો પેઇઝ, જુનિર યૉવિ યોગ છે. બાબા અને સીઝર ફેડરિક વગેરે પોર્ટુગીઝ પ્રવાસીઓએ સોળમી સદીના ભારતની માહિતી આપી છે. સોળમી સદીમાં સૌપ્રમ ભારત આવનારે ખલાસી રૉલર રિચ હતો.

2. અલાઉદ્દીન ખલજીના સુધારા જણાવો.

- જલાલુદીન ખલજીના પૂર્વજો મારતમાં આવી દિલ્લી સલ્તનત ના સુલતાનોની સંખ્યામાં જોડાયા હતા. પોતાની યોગ્યતા અને વીરતાને લીધે જલાલુદીને ગુલામવંશના અંતિમ બાળ સુલતાન બાદ પદ્ધ દિલીની ગાદી પર ખલજાવંશ(1990થી 120)ની સ્થાપના કરી. અલાઉદ્દીન ખિલજી (ઈ. સ. 1996થી 1916) : અલાઉદીનના પિતા શાહબુદીનના મૃત્યુ બાદ તેના કાકા જલાલદીને તેને અત્યંત પ્રેમથી ઉછેર્યો હતો. તેણે તેની પુત્રીનું લગ્ન પણ અલાઉદીન સાથે કર્યું હતું . દેવગિરિના વિજય બાદ અલાઉદીને તેના કાકા જલાલુદીનની હત્યા કરી ગાદી પ્રાપ્ત કરી. તેણે પારભિક મુશ્કેલીઓનો સામનો કરી પોતાની સત્તા દઢ કરી.
- એક સુધારક તરીકે : અલાઉદીને વિધર્મીઓ સાથે અત્યંત કઠોરનીતિ અપનાવી. તેનું રાજ્ય લશ્કરી સરમુખત્યારશાહી પર આધારિત હતું. તેના થકી સુધારાઓ લાંબા સમય સુધી યાદગાર રહ્યા. તેણે પાટનગરમાં કાયમી લશ્કર રાખવાની પ્રથા શરૂ કરી.
- લશ્કર માં સૈનિકોની ભરતી માટે એક ખાસ અમલદારની નિમણૂક કરવામાં આવી. દરેક સૈનિકને શાહી તિજોરીમાંથી રોકડું પગાર આપવાનું શરૂ કરવામાં આવ્યું. દરેક સૈનિકને રાજ્યના ખર્ચે થોડા, હથિયારો અને બખ્તર પૂરાં પાડવામાં આવતાં હતાં. ઘોડાઓને દેવાની અને સૈનિકોના ધુલિયા(વર્ણન) નોંધવાની પદ્ધતિ શરૂ કરવામાં આવી. આ પ્રથા મુજબ લશકરી ખાતાના વજીર પાસે દરેક સેનિકનું વર્ણન રાખવામાં આવતું અને થોડા પર વ્યક્તિગત ઓળખ માટે દાગ (છાપો મારવામાં આવતી. અલાઉદ્દીન પોતે શાહી લકર, તેની વ્યવસ્થા અને તેની શિસ્ત પર વ્યકિતગત ધ્યાન આપતો હતો. અલાઉદીને જીવન જરૂરિયાતની અને વૈભવ-વિલાસની તમામ વસ્તુઓના ભાવ નકકી કર્યા. તેરે ફરવાનું નિયમન કરવા પરવો મેળવવાની અને તેને દિલ્લી સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી. વેપારી કે વ્યક્તિગત ધોરણે સંગ્રત કરવાની મનાઈ ફરમાવવામાં આવી.
- રાજય માં તેને લાઇસન્સ પ્રથા દાખલ કરી. ઉત્પાદકે પોતાની જરૂરિયાત પૂરતું અનાજ રાખીને બાકીનું અનાજ સરકારી લાઇસન્સદાર વેપારીને નક્કી કરેલા ભાવે આપવું પડતું હતું. બજાર પર અંકુશ રાખવા માટે અલાઉદીને ખાસ સરકારી ખાતાંઓ ઊભા કર્યા હતા. આ ખાતાઓના અધિકારીઓનું કાર્ય મુશ્કેલ હતું. કેમ કે સાધારણ પૂત્ર માટે પણ કડક શિક્ષા કરવામાં આવતી હતી. રાજયની જમીનની નવેસરથી માપણી કરાવવામાં આવી અને એ

મુજબ કરની આકારણી કરવામાં આવી. જમીન મહેસુલ પરનો કર વધારીને ઉપજનો અડધો ભાગ કરવામાં આવ્યો. આમ, અલાઉદ્દીન એક મહાન વિજેતા હોવા ઉપરાંત સારોવહીવટકર્તા અને મૌલિક નિભા ધરાવનાર શાસક હતો. તેના લશ્કરી સુધારા અને ભાવનિયંત્રણની યોજના પ્રશંસનીય ગણાય છે.

3. મુહમ્મદ તુઘલકની યોજનાઓ સમજાવો.

- ગ્યાસુદીન તુઘલકશાહના અવસાન બાદ તેનો જયેષ્ઠ પુત્ર ફખરૂદીન મુહમ્મદ નાનાનું મુહમ્મદ તુઘલે ક" નામ ધારણ કરી ગાદી પર આવ્યો. મુહમ્મદ તુઘલક (ઈ. સ. 125થી 151)ની યોજનાઓ : સુલતાન મુકમ્મદ તુઘલે કે વિશ્વના ઇતિહાસમાં અસાધારણ વિના, બુદ્ધિમત્તા અને પ્રતિભા ધરાવતી વ્યક્તિ તરીકે જાણીતો  છે. તે કુશળ શાસક પણ હતો. છતાં વિધિની વિચિત્રતા એ છે કે તેનો સમય કરુણતા અને નિષ્ફળતાથી ભરેલો છે; કેમ કે તે એના જમાનાના વિચારોથી આગળપ ના વિચારનો હતો. તેની કેટલીક યોજનાઓ તરંગી હોવાથી તે નિષ્ફળ અને ચર્ચાસ્પદ બન્યો હતો.
- 1. ખોરાસાનના વિજયની યોજના : સુલતાન અલાઉદ્દીન ખલજીની જેમ મુહમ્મદ પણ 'વિશ્વવિજેતા' બનવાની મહેચ્છા ધરાવતો હતો. ખોરાસાનના અમીરોની વાતોથી આકર્ષાઈને તેણે ખોરાસાન, ઈરાન અને ટ્રોસ રિયાનાનો પ્રદેશ જીતી લેવાની યોજના બનાવી હતી. આ મહાન યોજનાને પાર પાડવા માટે તેણે ત્રણ લાખ સિત્તેર હજાર ઘોડેસવારોનું એક જંગી લશ્કર ઊભું કર્યું. કોઈ પણ જાતની કામગીરી વિના તેને એક વર્ષ નિભાવ્યું અને તેની પાછળ રોકડ પગાર તથા અન્ય જંગી ખર્ચ્યો. પછી સમગ્ર યોજનાને પડતી મુકી છેવટે એ લશકરને વિખેરી નાખ્યું. આ યોજનાને લીધે તેને ટીકાઓનો ભોગ બનવું પડ્યું.
- 2. દિલ્લીથી દૌલતાબાદ અને દોલતાબાદથી દિલ્લીઃ સુલતાન મહમ્મદ તુઘલકે દેવગિરિને દોલતાબાદ નામું આપીને તેને પોતાની રાજધાની બનાવી. રાજધાની દિલ્લીથી દૌલતાબાદ ખસેડવા પાછળ સુવ્યવસ્થા અને સુરક્ષાનો આશય હતો. વળી, મદુરા સુધી ફેલાયેલા પોતાના વિશાળ સામ્રાજયનો વહીવટ દેવગિરિ જેવા યુધ્યસ્થ સ્થાનેથી યોગ્ય રીતે થઈ શકે. વાસ્તવમાં દખણનું દેવગિરિ (દોલતાબાદ) દેશભર માં અને ધૂહાત્મક સ્થાન પરાવતું હોવાથી રાજધાની માટે દિલ્લી દોલતાબાદ વધુ યોગ્ય જગ્યા હતી. સુલતાને અવ્યવહારું બનીને તમામ દિલ્લીવાસીઓને સરસામાન સાથે દૌલતાબાદ જવા ફરમાન ક્યું. સુલતાને 1127 કિમી (700 માઈલ) લાંબા માર્ગમાં બધા તમામ સગવડો સચવાય તેનું ખાસ ધ્યાન રાખ્યું.
- પરંતુ વર્ષોથી જે શહેરમાં પ્રજાએ વસવાટ કર્યો હતો તેને છોડવાનું દુઃખ, રસ્તાની તકલીફો અને થાક વગેરેને કારણે અનેક લોકો , દૌલતાબાદ પહોંચી શક્યા નહિ. છેવટે પુષ્કળ ખર્ચ અને તકલીફો વેઠચી પછી અનુકૂળ ન આવતા ફરી તમામ પ્રજાજનોને દોલતાબાદથી દિલ્લી પાછા ફરવાનું સુલતાને ફરમાન કર્યું. આ પ્રક્રિયામાં દૌલતાબાદ આબાદ થઈ શક્યું નહિ અને દિલ્લીએ પોતાની જાહોજલાલી ગુમાવી. આમ, આ તરંગી યોજનાને લીધે નાણાંનો દુર્વ્યય થયો અને સુલતાનને ટીકાનો ભોગ બનવું પડ્યું.
- પ્રતીકમુદ્રા યોજના મુહમ્મદ તુઘલકની મૌલિક પ્રતિભાનો પરિચય તેના સિક્કાઓ દ્વારા થાય છે. તેની પૂર્વે થયેલા સુલતાનોના સિક્કાનોમાં જે ખામીઓ હતી તે તેણે દૂર કરી. તેણે સિક્કા પાડવાની પ્રથાને સુધારીને સોના-ચાંદીને બદલે એટલા જ મૂલ્યના તાંબાના કલાત્મક સિક્કાનો પડાવ્યા. તેના સુંદર અને ક્લાત્મક સિક્કાઓને લીધે તેને 'ધનપતિઓનો રાજા' કહેવામાં આવે છે. પરંતુ તેની આ યોજના પણ નિષ્ફળ ગઈ. ટંકશાળ પરનાં યોગ્ય નિયંત્રણો અને ચોકસાઈને અભાવે સિદ્ધહસ્ત સોની, કંસારા અને પ્રજાએ પણ ખાવા સિક્કાઓ જાતે બનાવવા

માંડ્યા. સુલતાનને પોતાની ભૂલ સમજાતાં તેણે તાંબાના સિક્કા પાછા ખર્ચા તેને બદલે સોના-ચાંદીના સિક્કાઓ ચૂકવ્યા. પરિણામે રાજયની તિજોરી આવા ઓછા મલ્મના સિક્કાથી ઊભરાઈ ગઈ અને સોનું-ચાંદી રાજયની તિજોરીમાંથી પ્રજા પાસે જતું રહ્યું. આથી સુલતાનનું અર્થતંત્ર અત્યંત નબળું પડી ગયું.

- 4. દોઆબના કરવેરામાં વધારો : રાજયની આવક વધારવા સુલતાને દોઆબના પ્રદેશના કરવેરામાં વઢિ કરી. તેણે કેટલાક નવા કરવેરા પણ નાખ્યા. સુલતાને કરવૃદ્ધિમાં વ્યવહાર કુશળતા બતાવી નહિ. કમનસીબે એ કરે એવા સમયે કડકાઈપુર્વક ઉઘરાવવામાં આવ્યો જ્યારે દોઆબમાં વરસાદના અભાવે ભયંકર દુષ્કાળ પડયું. જ્યારે સુલતાનને પ્રજાની સાચી મુશ્કેલી સમજાઈ ત્યારે તેણે ખેડૂતોને લોન આપી, બિયારણ આપ્યું. સિંચાઈ સુવિધા આપી અને બળદો પણ અપાવ્યા . આમ કરવદ્ધિથી કશો લાભ થયો નહિ અને વધારાનો ખર્ચ કરવો પડ્યો. સુલતાને રાજયનું અંદાજપત્ર બનાવવા ઉપરાંત મહેસુલ ક્ષેત્રે કરેલા સુધારાઓ ઘણા પ્રશંસનીય હતા. પરંતુ એક શાસક અને વહીવટકાર તરીકે મૂલ્યાંકન કરીએ તો તેને તેમાં સરિયામ નિષ્ફળતા આપી હતી.

4. સલ્તનતના વહીવટીતંત્ર વિશે માહિતી આપો.

- તુર્કના શાસનમાં મોમલુકવંશ, જીવશ અને તુઘલક- વંશ નો સમાવેશ થાય છે. આ પછી સૈયદો અને લોદી અફઘાનોએ શાસન કર્યું. સલ્તનતકાળના વહીવટીતંત્રની સમજૂતી નીચે પ્રમાણે છે :
- સલ્તનત શાસનવ્યવસ્થામાં સુલતાન પોતાના મૃત્યુ અગાઉ ઉત્તરાધિકારીની નિયુક્તિ કરતા, સુલતાનનું પદ વંશપરંપરાગત ન હતું. દરેક મુસલમાનને સુલતાન થવાનો હક હતો. સુલતાનોમાં ઉત્તરાધિકારીની નિમણૂંક અંગે જન્મ, શક્તિ, પૂરોગામી સુલતાનોએ કરેલી નિયુક્તિ અને અમીરોની મદદ એ મહત્ત્વની બાબતો ગણાતી. શાસનવ્યવસ્થાનું સ્વરૂપ સરમુખત્યાર જેવું હતું. તેમાં સુલતાનની ઈચ્છા એ જ કાયદો હતો. સુલતાનના કુટુંબનું ખાતું મહત્ત્વનું હતું. તેનો વડો 'વકીલ દર' (ચાવીઓનો રખેવાળો હતો. આ ખાતાના કારખાનામાં દરબાર માટેની સાધનસામગ્રી અને પોશાક તથા શસ્ત્રો તૈયાર કરવામાં આવતાં. ક્હ્ાિ એક હોદો 'મલેક નાયબ '(નાઈબ-ઉલ- મમાલિકીનો હતો. સુલતાનની ગેરહાજરી દરમિયાન તે રાજવહીવટ સંભાળતો.
- મુલકી રાજયવહીવટનો વડો વજીર' હતો. તેની પાસે નાણા ખાતું હતું. તે પ્રજાની જરૂરિયાતો સુલતાનને જણાવતો. શાસનતંત્રમાં સલાહ આપતો. ખર્ચ અને કરવેરાનું આયોજન કરતો. જાહેર વહીવટને લગતું તમામ કામ તે સંભાળતો હતો. 'વજી'ને મદદ માટે 'નાયબ વજીર' હતો. ક્હ્ાિ નાણા ખાતામાં જ હિસાબ ખાતું, ખેતીવાડી ખાતું, બાંધકામ ખાતું વગેરેનો સમાવેશ થતો. મહેસૂલ ખાતાનો વડો 'નાઝીર' હતો. 'દીવાન-એ-કઝા' ન્યાય ખાતાનો વડો હતો. શરિયતી કાનૂનોના પાલનની જવાબદારી તેની હતી. ક્હ્ાિ 'મજહબ' અંગેની બાબતો, પવિત્ર સંસ્થાઓ અને શિક્ષણ ખાતાનો વડો 'સુક્સસુદ્ર' (મુખ્ય ન્યાયાધીશ) હતો. 'દીવાન-એ-ઈન્ચા એ શાહી પત્રવ્યવહારનું ખાતું હતું. તેનો અમલદાર સુલતાનનો વિશ્વાસુ હતો. ક્હ્ાિ ઊચા હોદાઓ મધ્ય એશિયા અને ઈરાનમાંથી આવેલા મુસલમાનો ગાવતા.
- ભારતીય મુસલમાનો અને હિન્દુઓને ઊતરતી કક્ષાના સ્થાનો પર નિયુક્તિ મળતી. રાજકીય સંસ્થાઓ અને શાસનપદ્ધમિ ઇરાની પદ્ધતિ અને પરંપરા મુજબના રીના, સુલતાન સામે ભૂમિ 5 બિન કરવાનો રિવાજા હતો. ફારસી દરબારી ભાષા હતી. ક્હ્ાિ સુલતાનોએ રસ્તાઓ બંધાવ્યા. અને તેની બંને બાજુ એ વૃક્ષો રોપાવ્યા. મુસાફરોની સુવિધા માટે સરાઈકે 'સાથ જ નાની નનામી ટપાલ પદ્ધતિ વિકસાવી, દુષ્કાળ નિવારણ માટે પોજનાના નેયા કરી ખેતીના ઉત્તેજન માટે ના રે બે વાપી, મોલ પદ્ધતિ વિકસાવી. ક્હ્ાિ સલ્તનત ના શાસનના

આધાર સૈનિકો પર હતો . તેઓ દિનના અનુયાયી હતા. ઉલેમાઓ તેમને ઈસ્લામના ઝંડા નીચે રહી ધનપ્રાપ્તિની ખાણા સાથે બલિદાન આપવા તૈયાર કરતા મૂર્તિપૂજાનો વિનાશ કરવો અને કાફિરો(તેમના અર્થમાં હિન્દુઓ)નું ધરમતરણ કરવું તે તેમની મુખ્ય કાર્ય હતા. ક્હ્વિ અનેક સુલતાનોએ નવાં મદિરો બાંધવા દીધા નહી. અને જૂનાં મંદિરોની મરામત પણ કરવા દીધી નહિં. જાહેરમાં ધાર્મિક ક્રિયા કરવા માટે ધિઓ પર પ્રતિબંધ હતા. ક્હ્વિ અલાઉદીન ખલજીએ સૈનિકોને જાગીરના બદલે પગાર તરીકે રોકડ રકમ આપવાનો રિવાજ શરૂ કર્યો.

5. સલ્તનતકાલીન અર્થવ્યવસ્થાનો ખ્યાલ આપો,

- સલ્તનતયુગ એ કંદરે સંપર્ષો અને યુદ્ધોનો સમય હોવા છતાં તેમાં કૃષિ, ઉદ્યોગ - ધંધા અને વેપારક્ષેત્રે સારો વિકાસ થયો હતો. કૃષિ : સલ્તનતકાલીન સમયમાં યુદ્ધો અને આથમણો વખતે કૃષીને નુકસાન કરવામાં આવતું નહીં. સુલતાનો કૃષિ અને ખેડૂતની સ્થિતિ સુધારવામાં રસ લેતા, બલબને ચોરલૂટારાઓનો ત્રાસ નાબૂદ કરી કપિના ઉત્તેજન માટે ખાસ પગલાં લીધાં હતાં. અલાઉદીન ખલજીને કૃષિના વિકાસ માટે તથા ખેડૂતોને રાહત આપવા માટે ખાસ કાયદાઓ ઘડ્યા હતા. ઈ
- ફરોજ સુધલ કે નહેરો ખોદાવીને કૃષિને ઉત્તેજન આપ્યું હતું. તેણે રાજયભરમાં બાગ બગીચાઓ તૈયાર કરાવ્યા હતા. તેમાં ખૂબ મોટા પ્રમાણમાં ફળો અને ફલોનો પાક થતો. સુખડનું વાવેતર વિસ્તૃત પ્રમાણ માં થતું હતું. લોકોને અત્તરોનો શોખ હોવાથી ગુલાબ અને કેવડાનું વાવેતર કરવામાં આવતું હતું. નાગરવેલના પાનનું ઉત્પાદન બહોળા પ્રમાણમાં થતું. કેમ કે તેનો વપરાશ ખૂબ હતો. નાળિયેર અને ચોખાના મિશ્રણમાંથી થતા તથા અન્ય ફળોમાંથી તૈયાર થતા દારૂનું ઉત્પાદન સામાન્ય હતું. અનાજ, ફળ, ફૂલ, શાકભાજી, ઈમારતી લાકડું વગેરેના ઉત્પાદનમાં ભારત સ્વાવલંબી હતો. અનાજ અને ફળોની વિદેશોમાં નિકાસ થતી હતી. રાજ્યને કૃષિ-ઉત્પાદનમાંથી સારી મહેસૂલી આવક થતી હતી. સિકંદર લોદીએ પણ કૃષિનો વિકાસ અને ખેડૂતો ના હિતની ખાસ કાળજી લીધી હતી.
- વેપાર અને ઉદ્યોગ : સલ્તનત સમય ના ઉધ્યોગ ધંધામાં વિવિધ કાપડ, લોખંડ સહિત અનય ધાતુઓના સાધનો-ઓજારો અને શષ્યો, સોના ચાંદીના દાગીના, મરી મસાલા, કમળ, તેલ તથા અતરની બનાવટ, ચંદા માથી બનતી વસ્તુઓ, વાજિંત્રો, હાથીદાંત, નાળીયેર, ઈમારતી લાકડું , જંગલ ની પેદાશો, લાખ, ગુંદર વગેરે ચીજ વસ્તુઓને લગતા ઉધ્યોગો મોટા પાયા પર ચાલતા હતા. શાહી પરિવારો માટે રામની જરી કસબ વાળો વસ્રો, સોના ચાંદીની વાસણો, હીરા મોતી અને જે નરના દાગીના, સુખડ નાં લાકડાની વસતુઓ અને મેજર, માટીકામ, વણાટકામ, ઘર, વાજિંત્રો અને નાયગાન માટેનાં સાધનોનું મોટા પાયા પર ઉત્પાદન થતું હતું.
- સલત્તનતયુગમાં માતરિક અને બાહ્ય વેપાર પણ મોટા પાયા પર થતો. અનાજ,રૂ, હળ, કાપડ, મીરા, મોતી, સોના ચાંદીના દાગીના, ચામડાં, મરીમસાલા, અત્તર વગેરેની નિકાસ થતી. જ્યારે પૉડાઓ, ખાસ શોખની વસ્તુઓ, કીમતી ગાલીચા વગેરેની આયાત થતી . ભરૂચ અને કાલિકટ મોટા બંદરો હતાં. તેમના મારફતે યુરોપ, રેખાફ્રિકા, ચીન, મલાયા વગેરે દેશો સાથે દરિયાઈ માર્ગે વેપાર થતો. મધ્ય એશિયાના દેશો તેમજ તિબેટ, ભૂતાન, ચીન અને ઈરાન સાથેનો વેપાર જમીનમાર્ગે થતો. આ સમયમાં વાહનવ્યવહારનાં સાધનો પરંપરાગત, જૂનવાણી, ઓછાં અને અપૂર્ણ અવસ્થામાં હતાં. છતાં પણ વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે સારી પ્રગતિ થઈ હતી.

6. મહેમુદ ગઝનવીનાં ભારત પરનાં આક્રમણો દર્શાવી તેનાં પરિણામોની સમજૂતી આપો.

- ગઝની વસાવનાર તુર્કો મધ્ય એશિયા(ચીનની પશ્ચિમોત્તર સીમા)ના વતની હતા. સાતમી સદીમાં તેઓ ઈસ્લામના સંપર્કમાં આવ્યા. દસમી સદીમાં સમાની વંશની સત્તા મજબૂત બની. આ વંશના શાસક એહમદ અલખગીન નામના ગુલામને પોતાને ત્યાં કામે રાખ્યો, તક મળતાં ઈ. સ. 932માં અલપ્તગીને ગઝનીમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. તેના અવસાન બાદ તેનો ગુલામ અને જમાઈ સબુતગિન ગઝનીની ગાદીએ આવ્યા. તેણે વીસ વર્ષ સુધી વિવેક, નીતિ અને ઉદારતાપૂર્વક રાજ્ય કર્યું. ઈ. સ. 997માં તેનું અવસાન થતાં તેનો પુત્ર મહેમૂદ ગઝનીનો શાસક બન્યો.
- મહેમુદ ગઝનવી (ઈ. સ. 997થી 1030) : સબુતગિને મહેમુદને યુદ્ધકલા, યુદ્ધસંચાલન, વહીવટ અને રાજનીતિમાં પારંગત બનાવ્યો હતો. બાળપણમાં તે પિતાની સાથે યુદ્ધોમાં ભાગ લેતો હતો. ઈ. સ. 1994 માં તેણે (ત્રેવીસ વર્ષની ઉંમરે) સુહાસાનના લશ્કરી અભિયાનનું સફળ નેતૃત્વ કર્યું હતું. આ પછી તેણે ભારત જીતવાની અને લૂંટવાની યોજના બનાવી છે તેણે ઈ. સ. 1000થી 1026 દરમિયાન ભારત પર સત્તરે આક્રમણ કર્યા. છેલ્લે આ કમણ તેણે ગુજરાતના સોમનાથ મંદિર પર કર્યું હતું .
- મહેમુદ ગઝનવીનાં આક્રમણોનાં કારણો : મહેમુદના આક્રમણ સમયે ભારતની રાજકીય સ્થિતિ અવ્યવસ્થિત હતી. ભારત અને નાનાં-મોટાં રાજ્યોમાં વિભાજિત હતું. ભારતના લોકો સામાજિક દષ્ટિએ સંકુચિત દષ્ટિકોણ ધરાવતા હતા. તેમને વિદેશીઓની હિલચાલની કોઈ માહિતી ન હતી. ભારત પોતાની પશ્ચિમી સીમા તથા વાયવ્ય સરહદી સીમાના રક્ષણની બાબતમાં બેદરકાર કહતું. તેની સમૃદ્ધિની રક્ષા માટે કોઈ વ્યવસ્થા ન હતી. મધ્ય એશિયામાં પોતાના સામ્રાજ્યના વિકાસ માટે મહેમુદે જરૂરી ધનરાશિ મેળવવા ભારત પર આક્રમણ કર્યા હતાં. મહેમૂદે ઈસ્લામનો પ્રચાર કરવા તથા મૂર્તિપૂજાનો નાશ કરવા યુદ્ધો કર્યા હતાં. કેટલાક ઇતિહાસકારોના મત મુજબ મહેમૂદ પોતાના રાજ્યને એક વિશાળ સામ્રાજ્ય માં પરિવર્તિત કરવા માટે ભારત પર આક્રમણ કરવા પ્રેરાયો હતો. મહેમૂદ
- ગઝનવીનાં આક્રમણો : ગઝનીનો રાજ્યવિસ્તાર વધારવા અને મધ્ય એશિયામાં પોતાની સત્તા ફેલાવવા મહેમુદ ગઝનવીએ ભારત પર સત્તર વખત આક્રમણ કર્યું. ઈ. સ. 1001 માં પ્રથમ આક્રમણ પંજાબના જયપાલ વિરુદ્ધ કર્યું. તેણે મુલતાન પર આક્રમણ કર્યા. આ પછી ઈ. સ. 1019 સુધી નગર કોટ, થાત્રેશ્વર, મથુરા અને કનોજ સુધી વિનાશક આક્રમણો કર્યો. આ આક્રમણો મોટે ભાગે મંદિર પર કરવામાં આવતાં અને મંદિરના ખજાનાની લૂંટ ચલાવવામાં આવતી. નગરકોટના મંદિર પરનું તેનું આક્રમણ મહત્વપૂર્ણ છે. ઈ. સ. 1025માં તેણે સૌરાષ્ટ્રના સોમનાથ મંદિર પર સૌથી વિશાળ આક્રમણ કર્યું. તેમાંથી તેને અપાર સમૃદ્ધિ મળી. પરિણામે મધ્ય એશિયાના રાજકારણમાં તે મહાસત્તા તરીકે પોતાના રાજ્યને સ્થાપિત કરી શક્યો. મહેમૂદ
- ગઝનવીનાં આક્રમણોનાં પરિણામો (અસરો) : મહેમુદ ગઝનવીનાં આક્રમણો તોફાની ગતિથી શરૂ થતી એક ભયંકર આંધી સમાન હતાં. તેનાં આક્રમણોએ ભારતના ઈતિહાસ પર કેટલીક રાજનૈતિક અને સામાજિક અસરો કરી છે, જે નીચે મુજબ છે મહેમુદના આક્રમણોથી ભારતને જાન-માલની ભયંકર હાનિ ભોગવવા પડી. હજારો ભારતવાસીઓ તેના આક માના શિકાર બન્યા. ભારતીય સૈન્યની તાકાતને રમા કમણોએ મારે આઘાત પહોચડ્યો. ભારતની અઢળક ધનસંપત્તિ, સદીરા-મોતી, ઝવેરાત, પુષ્કળ સોનું અને ચાંદી વિદેશમાં ઘસડાઈ ગયાં. મહેમૂદના આક્રમણથી ભારતના અસંખ્ય મંદિરો, મહાલયો તેમજ ઐતિહાસિક અને સમૃદ્ધ નગરો નાશ પામ્યાં, મૂર્તિઓ અને મંદિરનો ના થયો. ભારતની સંસ્કૃતિ, કલા અને સ્થાપત્યને ભારે નુકસાન થયું. મહેમુદનાં

આક્રમણોએ ભાવિ આક્રમણો માટેની પૂર્વભૂમિકા તૈયાર કરી. ભારતમાંથી મેળવેલી અઢળક ધનસંપત્તિમાંથી તેણે પોતાના મધ્ય એશિયાના સામ્રાજ્યની વૃદ્ધિ કરી.

### 7. "અલાઉદ્દીન ખલજી તેના વિજયો માટે ખુબ જાણીતો છે." સમજાવો.

- અલાઉદ્દીન ગ્રીકસમ્રાટ સિકંદરની જેમ વિશ્વવિજેતા બનવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતો હતો, પરંતુ એના બુઝર્ગ સલાહકારોએ તેને ભારત જીત્યા પછી જ બીજા દેશો જીતવા માટે સમજાવ્યો. આ સલાહ સુલતાનને યોગ્ય લાગતાં તેણે ભારતમાં રાજ્યવિસ્તાર વધારવા એક ભવ્ય યોજના તૈયાર કરી. અલાઉદ્દીનના વિજયોને બે ભાગમાં વહેંચવામાં આવે છે :
- (1) ઉત્તર ભારતના વિજયો : 1. ગુજરાતનો વિજય : અલાઉદ્દીનના સેનાપતિ મલિક કાફૂરે ગુજરાતની રાજધાની અણહિલવાડ લુંટી ત્યાં સત્તા સ્થાપી.

  2. રણથંભોરનો વિજય : રણથંભોર પર ચૌહાણ રાજવી હમીરદેવની સત્તા હતી. સુલતાન અલાઉદ્દીને અગિયાર માસના યુદ્ધ પછી રણથંભોર પર વિજય પ્રાપ્ત કર્યો.

  3. ચિતૌડનો વિજય : અલાઉદ્દીને સાત માસ સુધી ચિત્તોડના કિલ્લાને ઘેરો ઘાલ્યો. અંતે કિલ્લો અલાઉદ્દીનના કબજામાં ગયો.

  4. માળવાનો વિજય : માળવાના રાજા મહલ કદેવને તેણે પરાજય આપ્યો.

  5. ઝાલોરનો વિજય : ઝાલોરના રાજા કનરદેવે અલાઉદ્દીનનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું હતું.

  6. સિવાનાનો વિજય : મારવાડના સૌથી મહત્ત્વના કિલ્લા સિવાના નો ઘેરો પાડવામાં આવ્યો. કિલ્લો રાજા સીતલદેવ પાસે રહેવા દેવામાં આવ્યો.
- (2) દક્ષિણ ભારતના વિજયો : વારંગલનો વિજય : વારંગલના અજેય કિલ્લાનું પતન થયું અને રાજા પ્રતાપ રુદ્રદેવને સંધિ સ્વીકારવાની ફરજ પડી. દેવગિરિનો વિજયઃ દેવગિરિના રાજા રામચંદ્ર યુધ્ધવગર શરણાગતિ સ્વીકારી લીધી અને તે અલાઉદ્દીનનો વિકાસુ મિત્ર બની ગયો. હોયસળનો વિજય : હોયસળ રાજા ભલ્લાલનો અલાઉદ્દીનના મલિક કાફૂરના હાથે પરાજય થયો.
- (3)પાંડ્ય રાજ્ય પરનો વિજય : કોમસળ રાજ્ય જીત્યા પછી મલિક કાફૂરે પાંડ્ય રાજ્ય પર વિજય મેળવ્યો મદરાનું પતન થતાં મદિર અને રીપેરેને લૂંટવામાં આવ્યાં. તેણે રામેશ્વરના પ્રખ્યાત શિવાલયના નાશ કર્યો. અલાઉદ્દીનને તેના આ તમામ વિજયો ઉપખાન, નુસરતખાન અને મલિક કાફર જેવા સેનાપતિઓને કારણે મળ્યા હતા, આ ઉપરાંત તેણે ભારતની સરહદ પર અવારનવાર થતાં મોંગોલ આક્રમણોને મારી હટાવ્યાં હતાં.

### 8. મહત્ત્વના પ્રાદેશિક રાજ્ય તરીકે ગુજરાતની સ્થિતિ વર્ણવો.

- પ્રાચીન સમયથી ગુજરાતનો પ્રદેશ તેની ફળદ્રુપ જમીન અને વિદેશો સાથેના વેપાર-ઉદ્યોગોને કારણે અતિ સમૃદ્ધ હતો. ગુજરાતનાં ખંભાત, ભરૂચ અને સુરત જેવાં બંદરો તથા અમદાવાદ જેવાં અનેક વેપારી મથકો આક્રમણખોરો માટે આકર્ષણનું કારણ હતાં. મહમૂદ ગઝનવીની સોમનાથની લૂંટ પછી તેની સમૃદ્ધિનો વધુ પ્રચાર થયો હતો. આમ છતાં, દિલ્લીના સુલતાન અલાઉદ્દીન ખલજીના આક્રમણો સુધી ગુજરાત વિદેશી આક્રમણોથી મુક્ત અને સલામત રહ્યું હતું. રાજપૂત યુગનો અંત આવ્યો પછી છેક પંદરમી સદી સુધી તે દિલ્લી સલ્તનતના સીધા નિયંત્રણ નીચે રહ્યું .કેન્દ્રીય સત્તાની નબળાઈ અને તેમૂર લંગના આક્રમણથી ઉત્પન્ન થયેલી અવ્યવસ્થાનો

લાભ લઈ અહમદશાહે ગુજરાત પર પોતાની સ્વતંત્ર સત્તા જમાવી, અને આશરે ત્રણ દાયકાઓ સુધી સફળ શાસન કર્યું. તેણે પોતાના સામ્રાજયને મજબૂત અને વિસ્તૃત કર્યું તથા સાબરમતી નદીના કિનારે અમદાવાદ શહેર વસાવીને તેને પોતાની રાજધાની બનાવી , ભદ્રનો કિલ્લો, શાહીમહેલ , જુમ્મા મસ્જિદ, ત્રણ દરવાજા વગેરે સ્થાપત્યો બનાવી તેણે અમદાવાદને સુશોભિત બનાવ્યું. સુલતાન મહમૂદ બેગડો

- (ઈ. સ. 1459થી 15 1) : સુલતાન મહમુદ બેગડાએ 53 વર્ષ સુધી રાજ્ય કરી વિવિધ ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી, જે નીચે મુજબ છે : શાસનકાળની શરૂઆતમાં કેટલાક અમીરોએ સુલતાન વિરુદ્ધ બળવો કર્યો, પરંતુ મહમૂદે હિંમત અને કુશળતાથી બળવાનું શમન કર્યું. અજેય ગણાતા કિલ્લાવાળા જૂનાગઢના ચુડાસમા વંશના રાજા રા'માંડલિકને પરાજય આપી જૂનાગઢમાં સત્તા મેળવી .
- મહમૂદ જૂનાગઢના વિજયમાં રોકાયેલો હતો ત્યારે કચ્છના સોઢા- સુમરા સરદારોએ પ્રજા પર જલમ કયનિા સમાચાર મળતાં તેણે સોઢા-સુમરા સરદારોને પરાસ્ત કર્યા. સિંધના સુલતાન જામ નિઝામુદીન સામે બલુચીઓએ બળવો કર્યો. મહમૂદે સિંધ પર આક્રમણ કરી બળવાનું શમન કર્યું. દ્વારકાના કીનારે ફરના ચાંચિયાઓ ગર્મ ને ફરિયાદ આવતા સુલતાને તેમની પ્રવૃત્તિ માં દાખી દીધી અને તેમને વશ કર્યા. ગુજરાતના વેપારને ભય માં મુકનાર ફિરંગી ને મહમુદ બેગડા એ દેવલ બંદર પર ના કે મણ કરી પરાજય આપ્યો. ચાપાનેર (પાવાગઢ)ની સના પન પ્રાપ્ત કરી ચુકેલા રાજા જયસિંઘ રાવણ પર ના શ્રમણ કરી જ્યાં મા મુદે પોતાની કાયમી સતા સ્થાપી. જુનાગઢ અને ચાંપાનેર અને ગળે નવાને વીલ તેને 'બેગઢો' (અપભ્રંશ 'બેગડો') ઉપનામ મળ્યું હતું.
- લશ્કરી સિદ્ધિનો ઉપરાત મા મુદ બેંગ ડામે પ્રજાને યોગ્ય ન્યાય આપ્યો, સિક્કા પાધ્યા, કારૌપણ કરી બાગ-બગીચા બનાવ્યા તથા માં મદાવાદ, મુસ્તહાબાદ અને અમદાવાદ નગરી વસાવ્યાં . તેણે ચાંપાનેર, રસુતલાબાદ તથા અમદાવાદ અને સરખેજમાં અનેક ભવ્ય ઈમારતો બંધાવી. પાવાગઢ ખાતે જમકપનામાં' નામનો કીલ્લો બંધાવ્યો. મહમુદ બેગડાના અવસાન પછી તેના ઉત્તરાધિકારીઓ નબળા નીવડવા. છેવટે ઈ. સ. 1572માં એકબરે ગુજરાત જીતી લીધું અને તેને મુઘલ સામ્રાજયમાં ભેળવી દીધું.

### 9. ચિત્રકલા અને સ્થાપત્યકલાના ક્ષેત્રે સલ્તનત કાળનું પ્રદાન વર્ણવો.

- સલ્તનત કાળ દરમિયાન સ્થાપત્યકલાનો સારો વિકાસ થયો. હતો. ઈરાની અને ભારતીય શૈલીનાં અનેક બાંધકામો થયાં હતાં.
- 1. ચિત્રકલા : ઇસ્લામ નિર્ગુણ અને નિરાકાર ઈશ્વરમાં માનતો હોવાથી તેમાં ચિત્રકલાને સ્થાન ન હતું. આથી ભાગ્યે જ કોઈ સુલતાને ચિત્રકલાને ઉત્તેજન આપ્યું. ઈરાની અને ભારતીય ચિત્રકલાની અસરને લીધે સલ્તનતકાળના અંતિમ વયમાં ચિત્રકલાનો થોડો વિકાસ થયો. દક્ષિણના બહુમની રાજ્યો અને વિજયનગરનાં હિન્દુ રાજ્યોમાં સલ્તનતકાળ દરમિયાન ચિત્રકલાનો સારો વિકાસ થયો હતો.
- વિજયનગરની ચિત્રકલા પણ સારી રીતે વિકાસ પામી હતી. ગુંડી અને કાંચીનાં મંદિરોનાં ભીતચિત્રો ખૂબ વિખ્યાત છે. તેમાં કમળ, વેલ, વૃક્ષ, અશ્વ, હાથી વગેરેની પાર્શ્વભૂમિકામાં લોકજીવનનાં અનેક દયો રજુ કરવામાં આવ્યાં છે. તાડપત્રો પર ચિત્રો દોરવાની કલા પણ અગિયારમીથી પંદરમી સદી સુધી ખૂબ પ્રચલિત હતી, ત્યારબાદ કાગળ પર ચિત્રો દોરવાની કલા પ્રચલિત બની.
- 2. સ્થાપત્યકલા : સલ્તનતકાળ દરમિયાન મહેલો, મસ્જિદો, મકબરા, રૌજા, મિનારા, પુમ્મટ, કિલ્લા, પુલો, સરાઈઓ (ધર્મશાળાઓ), તળાવો વગેરેનાં બાંધકામો થયાં, જે તતકાલીન શાસકોના સ્થાપત્યપ્રેમની સાક્ષી પૂરે

છે. ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના સમયે શાસકોની નજર સમક્ષ ઈરાન, અરબસ્તાન અને મિસરની સ્થાપત્યકલા અને બાંધકામ કલા હતી, આથી સલ્તનતકાળમાં બાંધકામો પર તેની પ્રબળ અસર પડી. આ શાસકોએ વિદેશથી બોલાવેલા સ્થપતિનો અને કલાકારો સાથે ભારતીય કલાકારો અને કારીગરો બળતો સ્થપત્યકલા માં હિન્દુ મુસ્લિમ સમન્વયની છાંટ જોવા મળે છે.

- સલ્તનતકાળનાં પ્રસિદ્ધ સ્થાપત્યો : કુતુબુદીન ઐબકે કુતુબમિનાર બંધાવ્યો અને ઇતુત્મિશે કુબતે - ઇસ્લામ (કૌવતે-ઇસ્લામ) નામની સુંદર મસ્જિદ બંધાવી. કુતબુદીન ઐબ કે બંધાવેલ 'ઢઈ દિન કા ઝોપડા'' નામની મસ્જિદ તથા બલ્બનનો મકબરો નોંધપાત્ર સ્થાપત્ય છે. અલાઉદીન ખલજીએ દિલ્લીમાં બંધાવેલ મદિનું 'અલાઈ દરવાજા , નામનું પ્રવેશદ્વાર મુસ્લિમ સ્થાપત્યના શ્રેષ્ઠ નમૂનારૂપ છે. તેનાં અન્ય બાંધકામો માં દિલ્લી પાસેનો સીરીનો કિલ્લો' તથા તેની અંદરનો એક હજાર થાંભલાવાળો મહેલ ખાસ નોંધપાત્ર છે અલાઉદીન ખલજીએ લાલ પથ્થરમાંથી ઇસ્લામી પદ્ધતિ અનુસાર બંધાવેલા શાહી મહેલો અને કિલ્લાઓ જોવાલાયક છે. તુઘલકવંશના સ્થાપક ગ્યાસુદીન તુઘલ કે દિલ્લી પાસે તુઘલકાબાદ નામનું નવું નગર બંધાવ્યું. તે શહેરમાં બંધાયેલા તેના મકબરા માં ઈચની અને ભારતીય શૈલીનો સુભગ સમન્વય થયો.
- મુહમ્મદ તુઘલક બાંધકામ તથા કલાનો નિષ્ણાત અને શોખીન હતો. તેણે અનેક મસ્જિદો, મહેલો, કિલ્લાઓ અને મકબરાનો બંધાવ્યાં હતાં. તેમાં પત્ર દિલ્લીનો લાલ ઘુમ્મટે, પોતાને માટે તૈયાર કરાવેલ મકબરો તથા દોલતાબાદનો કીલ્લો નોંધપાત્ર છે. તુઘલકવંશના સુલતાનોમાં ફિરોજ તુઘલકને સ્થાપત્યનો સૌથી વિશેષ શોખ હતો. તેણે અનેક મજિદો, મહેલો, મકબરા, મદરેસા, કિલ્લાઓ, મુસાફરખાનાં, જળાશયો, નઠેર વગેરેનાં બાંધકામ કરાવ્યાં. તે "ફિરોજાબાદ'' અને જૌનપુર'' નામનાં નવાં નગરો વસાવ્યાં, આ નગરોને અને દિલ્લીને તેણે અનેક બાગ-બગીચાઓથી શણગાર્યાં. ફિરોજ તુઘલકના વજીર જહાન મલેકે બંધાવેલ મકબરો ઇસ્લામી સ્થાપત્યનો શ્રેષ્ઠ નમૂનો છે